Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTER B. NO. 156

श्री

પુ.૧૯ મું. સં. ૧૯૫૯
અંક ૫ મો. શ્રાવણ.

# જૈનધર્મ પ્રકાશ

उपजाति.

धार्यः प्रबोधो हृदि पुण्यदानं, शीलं सदांगीकरणीयमेव ।
तप्यं तपो भावनयैव कार्या, जिनेंद्रपूजा गुरुभक्तिरुद्यमः ॥

प्रगट कर्त्ता.

## श्री जैनधर्म प्रसारक सभा.

ભાવનગર

अनुक्रमणिका

૧ શ્રી મહાવીરજિન સ્તવન. ૯૭
૨ અનુયોગ ૯૮
૩ મનુષ્યભવની દુર્લભતા. ૧૦૦
૪ જીર્ણ ગ્રંથોદ્ધાર. ૧૦૬
૫ ધ્યાન વિષય. ૧૦૮
૬ જીન પ્રતિમાના ફોટોગ્રાફ. ૧૧૦
૭ પ્રશ્નોતર. ૧[illegible]
૯ યુવાનોને ગ્રાહ્ય સન્માર્ગ. ૧[illegible]

અમદાવાદ.
"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ"માં
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યું
વીર સંવત ૨૪૨૯ શાકે ૧૮૨૫ સને ૧૯૦૩
વાર્ષિક મૂલ્ય રૂ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચોપાનીયું રખડતું મુકીને આશાતના કરવી નહીં.

(શ્વેતાંબરી.)

## બીજી જૈન કોન્ફરન્સ.

(ચાલી રહેલી તૈયારી.)

જૈન સમુદાયની બીજી કોન્ફરન્સ મુંબઇમાં મળવા સંબંધી હકીકત ગયા અંકમાં અમે જણાવી ગયા છીએ. ત્યાર પછી તો તેનું કાર્ય બહુ આગળ વધ્યું છે. મળવાના દિવસો ભાદરવા વદિ ૧૩-૧૪-૦)) તા. ૧૯-૨૦-૨૧ સપ્ટેંબર મુકરર થયેલા છે તેના આમંત્રણ પત્રો પણ બહાર પડી ચુકયા છે અને દરેક ગામને શેહેરના સંઘ ઉપર તેમજ સભાઓ, મંડળીઓ, પાઠશાળાના વ્યવસ્થાપકો વિગેરે તરફ રવાને પણ થઇ ચુકયા છે. હવે દરેક શેહેરના સંઘ તરફથી ચુંટાઇને ડેલીગેટસોના નામ જવાંજ બાકીમાં રહ્યાં છે. તેપણ થોડા દિવસમાં જશે. ડેલીગેટોની કાંઇ પણ ફી લેવામાં આવશે નહીં. વીઝીટરોને માટે ફર્સ્ટકલાસના રૂ૩ ને સેકન્ડકલાસના રૂ૨) ઠરાવવામાં આવ્યાં છે. સ્રી વીઝીટરો માટે રૂ૨)જ ઠરાવ્યા છે. બેઠક ખાસ જુદી રાખવામાં આવશે. ટીકીટો વેચવાનું શરૂ થઇ ચુકયું છે. વોલંટીઅરોને માટે પણ જાહેર ખબર બહાર પડી છે અને તેમાં પણ નામો નોંધાવા માંડયા છે. સમગ્ર પ્રકારે તૈયારીઓ થવા માંડી છે. જુદી જુદી જે જે કમીટીઓ નીમી છે તે સઘળી કમીટીઓ પોત પોતાનું કામ સારી રીતે બજાવવા લાગી છે. કોનફરન્સમાં ચર્ચવા માટે મુખ્ય ૯ વિષયો હાલ ઠર્યા છે. તેની વીગત પણ બહાર પડી છે. હજી તેમાં છેવટ સુધી યોગ્ય ફેરફાર થયા કરશે. આ તમામ બાબતોને માટે ઘણી વિગતવાર હકીકતો રોજીંદા પત્રોમાં તથા અઠવાડીક પત્રોમાં બહાર પડતી હોવાથી અમે આમાં વિસ્તારથી જણાવેલ નથી. મુંબઇના ગૃહસ્થોએ પ્રયાસ પ્રશંસા પાત્ર કરવા માંડયો છે. ચીફસેક્રેટરી શેઠ ફકીરચંદ પ્રેમચંદ પુરતો પ્રયાસ કરે છે. આ કનફરન્સ સારી રીતેફતેહમંદ થશે એવી આગાહી ચોતરફથી શ્રવણગત થાય છે. જૈન બંધુઓએ અંતઃકરણની લાગણીથી પોત પોતાને ઘટતો લાભ લેવા માટે તત્પર થવાની જરૂર છે. આવો મેળાવડો આપણા વર્ગને ખરેખર શોભાવનારો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

दोहरो.

मनु जन्म पामी करी, करवा ज्ञान विकाश;
नेह युक्त चित्ते करी, वांचो जैन प्रकाश.

पुस्तक १९ मुं. शाके १८२५. संवत १९५९. श्रावण. अंक ५ मो.

## श्री महावीरजिन स्तवन.

हेते चालो जइए महावीर मंदीरेरे,
ज्यहां प्रगटे छे आनंद अपार;
**भावे भक्ति करो भगवाननीरे.—ए आंकणी**

**साखी**

गाओ हळी मळी बंधुओ, गुंथी जिनगुण माळ;
ल्हावो ल्यो नरभव तणो, टाळो कर्म जंजाळ.
पाये घुघरा धरीने रस रंगथीरे,
थै थै छुंम् छुंम् नाचो प्रभुजीनी पास.
**भावे भक्ति करो भगवाननीरे.** १

**साखी**

सुरगिरि उपर सुर करे, प्रभु जन्मोछव सार;
स्नात्र करो तीम भवी तुमे, पूजा अष्टप्रकार.
पाम्या चिंतामणि अरचो अर्हन अंगनेरे;
टाळी भव भय पामो मंगळ माळ.
**भावे भक्ति करो भगवाननीरे.** २

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સાખી**

દાદાસાહેબ બાગમાં, મનમોહન મંદીર;
ભાવનગરમાં ભેટીએ, ત્રીસલા નંદન વીર.
મળી મંડળી નમે નિરંતર નાથનેરે;
તેનો ઝવેર છે ધન્ય અવતાર.
**ભાવે ભક્તિ કરો ભગવાનનીરે.** ૩

---

# अनुयोग

આ સંસાર નારક, તિર્યંચ, મનુષ્યને દેવગતિ રૂપ છે. તેના દુઃખોનું સ્વરૂપ જાણી તેનાથી નિર્વેદને પામેલા જીવો તેનો નાશ કરવાને માટે પ્રયત્ન કરે છે. પણ તે પ્રયત્ન વિશિષ્ટ વિવેક શિવાય ફળીભૂત થતો નથી. ને તે વિવેક આપ્ત પુરૂષોના વાક્યોને અનુસારેજ થાય છે. તે વાક્યો પણ ત્યારેજ વિશિષ્ટ વિવેકને ઉત્પન્ન કરી શકે છે કે જ્યારે તેનો **અનુયોગ** થાય. આપ્ત પુરૂષના વાક્યો પ્રાચીન કાળમાં દરેક પદથી ચાર ચાર અનુયોગને જણાવનારા હતા. દાખલા તરિકે હાલ પણ **धम्मो मंगल मुक्किट्ठं ने उपन्नेवाविगमेवाधुवेवा**

**उमामवामुपुज्ना** એ બંને ગાથાના આઠે પદો ઉપર અને સમુદાયે બંને ગાથાઓ ઉપર પણ ચાર ચાર અનુયોગ પ્રાચીન આચાર્યોએ ઉતારેલા ગ્રંથોમાં નજરે પડે છે. છતાં હાલ દુપમાઆરો ને હુંડાવસર્પિણીને લીધે મતિ, મેધા, સંહનન, આયુને ધારણા આદિની હાની દેખાને પરમોપગારી **શ્રી આર્યરક્ષિતસૂરિજી** મહારાજ કે જેઓ કિંચિત્ ન્યૂન દશ પૂર્વધારી અને યુગ પ્રધાન હતા તેઓએ દરેક વાક્ય ને ગાથા ઉપર, ચાર ચાર અનુયોગ લગાડવાનો અસંભવ તથા નયની વક્તવ્યતાના ગહનપણાને લીધે સમજ નહીં પડવાથી લોકો વિચિત્ર અજ્ઞાન માર્ગને પુષ્ટિ આપશે એમ જાણીને જુદા જુદા અનુયોગ કર્યા ને દરેક અનુયોગને માટે અમુક અમુક સૂત્રોની વ્યાખ્યા પદ્ધતિ ઠરાવી. જેમકે **આચારાંગ** વિગેરેની ચારિત્ર પ્રાધાન્યતાએ વ્યાખ્યા કરવાથી તે **ચરણકરણાનુયોગ, સૂર્યપ્રજ્ઞપ્તિ** આદિની જ્યોતિષની મુખ્યતાએ વ્યાખ્યા કરવાથી ગણિતાનુયોગ, **જ્ઞાતાધર્મકથા** અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્તરાધ્યયન** આદિ **ધર્મકથાનુયોગ** અને **સૂત્રકૃતાંગ** આદિ **દ્રવ્યાનુયોગ.** એવી રીતે જુદી જુદી વ્યાખ્યાને અનુસારે જુદા જુદા અનુયોગો અમુક અમુક સૂત્રોના કર્યા અને ત્યારથીજ સિદ્ધાંતોમાં સ્થળે સ્થળે પૃથક્ત્વનો કાળ કહેવાય છે. ને તેથીજ હાલ કાળમાં સ્વતંત્રપણે નય વિચારણા કરવાનો નિષેધ સ્થળે સ્થળે કરવામાં આવેલો છે. ફકત જે જે વાત ઉપર પૂર્વાચાર્યોએ નયની વિચારણા કરેલી છે તે તે વાત ઉપર તેટલીજ નયની વિચારણા કરવી જોઇએ. કારણ કે મુખ્ય સાત નય ને તેના દરેકના સો સો ભેદો મળી સાતસો ભેદો થાય છે ને તે પણ જુજ વકતવ્યતાના ભેદથી થયેલા હોવાથી બાળજીવોને સમજમાં આવે નહિં ને તેથી કયા નયની વાત કયા નયે ચાલી જાય માટે હાલ કાળમાં પૂર્વાચાર્યોએ કરેલી નય વિચારણા રાખી સ્વતંત્રપણે નયો ફેલાવવાનો વિચાર કરવો નહી. તેજ કારણથી **શ્રી હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય** તથા **ઉપાધ્યાયજી** વિગેરે ધુરંધર વિદ્વાનોએ પણ સિદ્ધાંતમાં કથન કરેલા વસતિ આદિના વાકયો શિવાય બીજે ઠેકાણે નયની અવતારણા કરેલી નથી. તેવી નયની વકતવ્યતા પણ જે તેવો શ્રોતા હોય તેને ઉદ્દેશીને છે. આ સઘળી વાત **અનુયોગ**ની પૃથક્ત્વતા થયા પછી સમજવી.

હવે **અનુયોગ** એટલે શું ? કે જેને આધારે આપ્તોના વાકયોનું રહસ્ય સમજવામાં આવે છે. તેના કેટલા ભેદ ? કયા કયા ? અને તે કયાં કયાં હોય ? તે ઉપર આપણે વિચાર કરીએ.

સૂત્રના અર્થનું વ્યાખ્યાન કરવું અથવા અલ્પાક્ષરથી બનેલા સૂત્રની સાથે અર્થનું જોડાણ કરવું, અથવા કહેવામાં આવેલા શબ્દોના પ્રતિકૂળ અર્થોને છોડીને પ્રકરણ આદિથી અનુકૂળ એવા અર્થની સાથે શબ્દોને જોડવા, અથવા સૂત્ર ઉચ્ચારણ કર્યા પછી તેના અનુકૂળ અર્થનું વ્યાખ્યાન પ્રતિકૂળ અર્થોનો નિષેધ જણાવવા પૂર્વક કરવું-એ તમામ **અનુયોગ** કહેવાય ટુંકાણમાં કહીએ તો સૂત્રોનું વ્યાખ્યાન તેજ **અનુયોગ.** તે અનુયોગના શાસ્ત્રકાર મહારાજા ચાર ભેદો જણાવે છે. ૧ **ઉપક્રમ,** ૨ **નિક્ષેપ,** ૩ **અનુગમ,** ને ૪ **નય.** અર્થાત્ દરેક સૂત્રના અનુયોગમાં પ્રથમ આ ચાર ભેદ પાડીને તેનો વિચાર કરવો.

તેમાં પ્રથમ **ઉપક્રમ** એટલે શું ? ઉપક્રમ તેને કહેવાય કે જેની વ્યાખ્યા કરવા ઇચ્છેલી હોય તેનું પારંપરિકત્વ આદિનું જ્ઞાન કરવું કે જેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના નિક્ષેપ આદિ થઇ શકે. જો તેના પ્રકરણનું જ્ઞાન ન થાય તો તેમાં લૌકિક લોકોત્તરિક આદિનું ભાન રહે નહીં ને શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણા થવાનો વખત આવે. માટે વ્યાખ્યાનકારે પ્રથમ ઉપક્રમનું જ્ઞાન કરવું જોઇએ કે જેથી સ્વપરનું કલ્યાણજ થાય.

બીજું દ્વાર જે **નિક્ષેપ** તે કોને કહીએ? નિક્ષેપ તેનું નામ છે કે ઉપક્રમથી લૌકિક લોકોત્તરપણા આદિનું જ્ઞાન થયા પછી અનુગમ નજીક લઇ જવા માટે નામ આદિથી સ્થાપન કરી પ્રસ્તુત સૂત્રમાં પ્રકૃત કોણુ કોણુ છે અને અપ્રકૃત કોણુ કોણુ છે તેનો વિચાર કરી પ્રકૃત ઉપર શ્રોતાનું ધ્યાન ખેચવું.

ત્રીજો ભેદ **અનુગમ** છે. અનુગમ તેને કહેવાય કે સૂત્રનું ઉચ્ચારણ કરી, તેનું ઉત્પન્ન થવાનું કારણ જણાવી, તેને ઉત્પન્ન કરનાર તથા તે ઉત્પન્ન કરવાનું પ્રયોજન વિગેરે જણાવી સૂત્રની અંદર રહેલા પદોનું વિવેચન કરવું.

ચોથો **નય** નામે ભેદ છે. નય તેને કહેવાય કે દુનીયામાં રહેલી દરેક વસ્તુઓ અનંત ધર્મવાળી છતાં એક ધર્મથી તેનો વ્યવહાર કરવો. સૂત્રની વ્યાખ્યામાં પણ તે સૂત્રોમાં આપેલા શબ્દોનું દરેક નયે પૃથક્ પૃથક્ વિવેચન કરી સમજાવવું ને તેમાંથી સર્વે સંમત પક્ષ જણાવવો.

એવી રીતે દરેક સૂત્રના વ્યાખ્યાનમાં ચાર ચાર દ્વારોની જરૂર છે ને વ્યાખ્યાનકારોએ જરૂર તે દ્વારો ધ્યાનમાં રાખવાજ જોઇએ કે જેથી સર્વજ્ઞ મહારાજાની આજ્ઞાના આરાધક થવાય ને આત્માનું કલ્યાણ થાય.

# મનુષ્ય ભવની દુર્લભતા.

अपारे संसारे कथमपि समासाद्य नृभवं ।
न धर्मं यः कुर्याद्विषयसुखतृष्णातरलितः ॥
बुडन् पारावारे प्रवरमपहाय प्रवहणं ।
स मुख्यो मुर्खाणामुपलमुपलब्धुं प्रयतते ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક શાસ્ત્રોનું અવગાહન કરતાં શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્રાદિ અનેક ગ્રંથોમાં જ્યાં જ્યાં શ્રીતીર્થંકર ભગવંતનો કે મુનિ મહારાજાઓનો દેશના પ્રસંગ આવે છે ત્યાં ત્યાં ભવ્યજીવોને ઉદ્દેશીને દેશના આપવામાં આવેલ છે તેમાં પ્રારંભમાં આ વાક્યજ બહુધા દ્દષ્ટિગત થાય છે કે " ભો-ભવ્યજનો ! આ અસાર સંસારમાં મનુષ્ય જન્મની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે. " આ વાક્યને દરેક ઉપદેશમાં આધારસ્થાન મળવા જેવું એ વાક્યમાં મહત્વ શું છે ? અને મહત્વ છે તો તેટલું મહત્વ આપણે સમજીએ છીએ ? સમજતા ન હઇએ તો તેનું કારણ શું છે ? અને જે કારણ છે તે વાસ્તવિક નહોય તો તેના નિવારણ માટે શું વિચારો કરવા યોગ્ય છે? તે વિચારીએ.

## " પુર્વોક્ત વાક્યમાં રહેલું મહત્વ. "

આ સંસારમાં પ્રાણી અનાદિકાળથી પરિભ્રમણ કરે છે તેમાં અવ્યવહાર રાશીમાંથી નીકળી વ્યવહાર રાશીમાં આવ્યા પછી પણ સ્થાવરપણામાં અનંતો કાળ વ્યતિક્રમાવે છે, ત્યારપછી વિકલેંદ્રીમાં અને તીર્યંચ પચેંદ્રી વિગેરેમાં અસંખ્યાતોકાળ વ્યતિક્રમાવે છે. આ પ્રમાણે સંસારમાં પર્યટન કરતાં બીજી ગતિઓ તો અનુક્રમે પામ્યા કરે છે પરંતુ મનુષ્ય ભવની પ્રાપ્તિ કાંઈ સહેલાઈએ થતી નથી. મનુષ્યભવની દુર્લભતા સમજવા માટે શાસ્ત્રકારે જુદા જુદા દશ દ્દષ્ટાંત બતાવેલા છે. જેમાંનું એકજ દ્દષ્ટાંત લઇએ અને પછી તે ઉપરથી તેની દુર્લભતાનો અનુભવ કરીએ.

દશ દ્દષ્ટાંતો પૈકી છેલ્લું **પરમાણુનું** દ્દષ્ટાંત છે તે આ પ્રમાણે—એક દેવતાએ એક મ્હોટા પથ્થરના સ્થંભને વજ્રવડે ચૂર્ણ કર્યો. પછી તેને ખુબ વાટી. મેરૂ પર્વત ઉપર ચડી વાંસની નળીમાં તે ચૂર્ણ ભરી ફુંક સાથે તેના સર્વ પરમાણુ ઊડાડી દીધા. હવે તે પરમાણુઓ જે દશે દિશામાં વિખરાઇ ગયા તે એકઠા થાય અને પાછો સ્થંભ બને ? નજ બને. કેમકે મેરૂ પર્વત જેટલી લાખ યોજનની ઊંચાઇએથી દેવતાની બળીષ્ટ ફુંકવડે ઊડેલા પરમાણુઓ ભેગા કેમ થાય ? આ પ્રમાણે જે પ્રાણી મનુષ્ય ભવથી ભ્રષ્ટ થાય છે તેને ફરીને મનુષ્યપણું તેટલું દુર્લભ છે.

આ દ્દષ્ટાંતને સારી રીતે મનન કરો કે જેથી મનુષ્ય ભવની દુર્લભતાનો ખરેખરો ખ્યાલ આવશે. જે જે પરમાણુઓનો તે સ્થંભ બનેલો હતો તેના તે પરમાણુઓ એકઠા થાય તેમાંનો એક પણ પરમાણુ કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગ્યાએ પડયો ન રહે તે કેવી રીતે બને. તેમ અનંત કાળથી સંસાર માં પરિભ્રમણ કરતાં જે અનંતી પુણ્યની રાશી એકઠી કરી કે જેના વડે મનુષ્ય ભવ પામી શકાયો તે મનુષ્ય ભવ જો એળે–નકામો-નિષ્ફળ ફોગટ–વ્યર્થ–ઇંદ્રિઓના વિષયની આસક્તિમાં–ચાર કષાયના વશવર્તિ પણામાં ગુમાવી દીધો તો પછી ફરીને તેટલી પુણ્યની રાશી જે પાછી મેળવવી તે ઉપરના દૃષ્ટાંતમાં બતાવેલા પરમાણુઓની રાશીને એકઠી કરવા કરતાં પણ અનંતગુણું મુસ્કેલ છે કારણકે પુર્વોક્ત પરમાણુની રાશી તો દેવશક્તિથી પણ એકત્ર કરી શકાય છે પરંતુ આમાં તો નથી ચાલતી દેવશક્તિ કે નથી ચાલતી ઇંદ્રની શક્તિ; નથી ચાલતી રાજાની શક્તિ કે નથી ચાલતી ચક્રવર્ત્તીની શકિત–એમાંતો માત્ર આત્માની શક્તિજ ચાલી શકે છે. તે શક્તિને તો ગુમાવી બેઠા ત્યારે હવે શી રીતે એવો દુર્લભ મનુષ્યભવ ફરીને મળે તે વિચારો.

જ્યારે મનુષ્ય ભવની પ્રાપ્તિ આટલી બધી દુર્લભ છે ત્યારે પછી તે વાક્યને આદ્યસ્થાન મળવા જેટલું એમાં મહત્વ છે એ સ્વતઃસિદ્ધ છે. કેટલેક સ્થાને તો એને ઘુણાક્ષર ન્યાયની ઉપમા આપેલી છે. એટલે કાષ્ટમાં પડેલા ઘુણા જાતના જંતુઓ તેની ઉપરના ભાગને કોતરે છે તેથી અનેક પ્રકારની આકૃતિઓ પડે છે તેમાં કથંચિત્ અનાયાસે–એટલે પાડવાનો વિચાર કર્યા શિવાય અક્ષર જેવી પણ આકૃતિ પડી જાય છે. તેમ આ પ્રાણીને મનુષ્ય ભવની પ્રાપ્તિ પણ પ્રયાસવડે થતી નથી પણ અનાયાસે થઇ જાય છે. અર્થાત્ પ્રયાસવડે પણ એ સાધ્ય નથી. હવે જ્યારે એટલું મહત્વ એ વાક્યમાં રહેલું છે ત્યારે આપણે તેટલું મહત્વ સમજીએ છીએ ? એનો વિચાર કરીએ.

## " આપણું સમજવું. "

આપણે જે પ્રકારનું મહત્વ શ્રી જિનેશ્વર ભગવંતે મનુષ્ય ભવને આપેલું છે તેટલું તો શું પણ તેના ક્રોડમે અંશે પણ તેનું મહત્વ સમજતા નથી. આપણે પુદ્‌ગળિક એવા જે પદાર્થોનું મહત્વ સમજીએ છીએ તે પદાર્થને કાંઇ નુકશાન થાય, સર્વથા નષ્ટ થાય અથવા નકામો થઇ પડે કે ખોવાઇ જાય તો તેને માટે આપણે કેટલો બધો પસ્તાવો-પ્રશ્ચાત્તાપ–વિમાસણ કરીએ છીએ એટલુંજ નહીં પણ તે જો સુધરેતો સુધારવાને માટે તેમ જ ફરીને મેળવવા માટે પારાવાર પ્રયત્ન કરીએ છીએ. કે જેના પ્રમાણમાં અમૂલ્ય મનુષ્ય ભવના અમુક વિભાગરૂપ અમુક કાળ નિષ્ફળ જાય છે તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને માટે આપણને કાંઇ લાગણી પણ થતી નથી તો પસ્તાવો તો શેનોજ થાય. તેજ પ્રમાણે આખો મનુષ્યભવ નિષ્ફળ વ્યતિત થઇ જાય, કાંઇ પણ સંગીન ધર્મ કાર્ય કરી ન શકીએ, આત્માને કર્મના ભારથી હલકો કરવાને બદલે ઊલટો ભારે કરીએ તોપણ અંત સમયે તેનો પસ્તાવો કરવાને બદલે જો એકાદું આરંભનું કામ અધુરૂં રહી ગયું હોય કે થઇ ન શક્યું હોય, દીકરો પરણાવવો રહી ગયો હોય, ઘર બાંધી આપવું રહી ગયું હોય, કોર્ટમાં સાચું ખોટું કરીને કેશ જીતવાનો અધુરો રહ્યો હોય, કોઇનું વેર વાળવાનું બની શક્યું ન હોય કે ભૂલી જવાણું હોય તો તેને માટે ઊલટો પસ્તાવો ને ખેદ કરીએ છીએ. આ આપણી કેવી દુર્દશા ! કેવી મુઢતા ! કેવો સંસારપર મોહ ! કાંઇક તો વિચારો. ગંજવામાંથી એક રૂપીઓ પડી જાય તેને માટે જેટલી ચિંતા, ખેદ કે દિલગિરી થાય છે તેટલી, એક દિવસ ધર્મ કાર્ય કર્યા વિના–દેવપૂજા કર્યાવિના–સામાયિક પોસહ કર્યાવિના–સુપાત્રદાન દીધા વિના–બ્રહ્મચર્ય પાળ્યાવિના–નવકારશી કે ચોવીહાર પણ કર્યાવિના કે આત્મ વિચારણા ચિંતવ્યાવિના–ટુંકામાં આત્મહિતનું કાંઇપણ કાર્ય કર્યા વિના જાય છે તો તેને માટે, દિલગિરી થતી નથી. એટલુંજ નહીં પણ યત્ કિંચિત પણ ખેદ થતો નથી. ઊલટો જો તેને બદલે કષાયના યોગથી કાંઇક પુદ્ગળિક લાભ મળ્યો હોય છે તો તેનો આલ્હાદ થાય છે. ત્યારે એક રૂપીઆ જેટલી પણ એક દિવસની કિંમત ન ઠરી. છતાં ધારો કે તેટલી કિંમત છે તો આખા જીવનની–૧૦૦ વર્ષના આયુની ૩૬૦૦૦ રૂપીઆની કિંમત થઇ. પરંતુ જ્ઞાનીઓતો કહે છે કે આ મનુષ્ય ભવની એક ક્ષણ પણ ક્રોડો ગમે દ્રવ્ય કરતાં મોંઘી છે. ગઇ ક્ષણ ગમે તેટલા દ્રવ્યવડે પણ પાછી મળી શકતી નથી. આટલા ઉપરથીજ જ્ઞાનીઓ કહી ગયા છે કે—

" આ પારાવાર સંસારને વિષે કોઇ અકથ્ય પ્રકારવડે મનુષ્ય ભવ પામ્યા છતાં જે પ્રાણી વિષય સુખની તૃષ્ણામાં તરલિત થયો સતો ધર્મને કરતો નથી તે પ્રાણી સમુદ્રમાં ડુબતાં શ્રેષ્ટ વહાણની પ્રાપ્તિ થયા છતાં તેને તજી દઇને પથ્થરને મેળવવા પ્રયત્ન કરે છે, તેથી તે મુર્ખ શિરોમણિ છે[૧]".

આ પ્રમાણે મનુષ્ય ભવની મહત્વતા સિદ્ધ છતાં આપણે તેટલી મહત્વતા સમજતા નથી તેનું કારણ શુ ?

## "મહત્વતા ન સમજવાનું કારણ."

આ સંસારના પ્રાણીઓને પ્રાયઃ નવો જન્મધારણ કરતાં પૂર્વ ભવ સંબંધી જ્ઞાનને આવરણ આવી જાય છે તેથી પૂર્વ ભવમાં હું કોણ હતો,

૧ મથાળે લખેલા શ્લોકનો આ અર્થ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારી કેવી સ્થિતિ હતી, ત્યાં શું શું કાર્ય અકાર્ય કર્યા હતા, તેનું તેને સ્મરણ રહેતું નથી. તેથી જે ભવ ચાલતો હોય છે તે ભવમાં જે વસ્તુની જેટલી કિંમત ખરચવી પડે તેટલી તેની મહત્વતા તે સમજે છે. જેમ એક પિતા પુષ્કળ દ્રવ્યવડે મૂલ્યવાન ઝવેરાત એકત્ર કરે, તેનો પુત્ર જો તદ્દન મૂર્ખ નિવડે અને તેના પિતાએ પોતાની પાસેના ઝવેરાતની કિંમત તેને સમજાવી ન હોય તો તે તેના પિતાને અભાવે પોતાના કબ્જામાં આવેલા ઝવેરાતને રમવાના કાંકરા સમજે અને ઠગનાર મળે તો તેવી જુજ કિંમતમાં આપી પણ દે. તેમ આ પ્રાણીએ પણ પૂર્વે અનેક ભવમાં પારાવાર સંકટો ખમીને, ઘણા કષ્ટો વેઠીને, ઘણી નિર્જરા કરીને, મનુષ્ય ભવ મેળવવાની યોગ્યતા સંપાદન કરી છે પરંતુ તે તમામ કષ્ટ અને તમામ પ્રયાસ ભવના પલટાઈ જવાથી તેને સ્મરણમાં આવતા નથી તેથી આ અમૂલ્ય મનુષ્ય ભવની કિંમત તે સમજી શકતો નથી. અને વિષય કષાયરૂપ ઠગનારાઓથી ઠગાઈને કોડોની કીંમતે તેને ગુમાવી દે છે. આવી ભૂલ ભાગવાને માટે, વિના કારણ મહાનુકશાની ન ખમાડવાને માટે પરમ ઉપકાર બુદ્ધિથી જ્ઞાનીઓ વારંવાર પોતાની દેશનાના પ્રારંભમાં કહે છે કે- "ભોભવ્ય પ્રાણીઓ ! આ મનુષ્ય ભવ પામવો ઘણો દુર્લભ છે તેને પામ્યા છતાં ધર્મ કર્યા વિના હારી જશો તો ફરીને મનુષ્ય ભવ પામી શકશો નહીં અને પસ્તાશો."

આવા અમૂલ્ય મનુષ્ય ભવની મહત્વતા આપણે સમજી શકતા નથી તેનું કારણ તપાસતાં તો તેમાં માત્ર આપણી અજ્ઞાન દશાજ કારણ તરીકે નીકળી આવી. તે કારણ તો કાંઇ અંગીકાર કરવા યોગ્ય નથી. કેમકે જે પોતે ન સમજતો હોય તેણે બીજા સમજુ ઉપર આધાર રાખવો જોઇએ છીએ. તેમ આપણે પણ જ્ઞાનીઓ ઉપર આધાર રાખી, તેમના પર પૂર્ણ પ્રતિતી લાવી અમૂલ્ય મનુષ્ય ભવ નિષ્ફળ ન જતો રહે એટલા માટે તેમના બતાવેલા યોગ્ય વિચારોને કર્તવ્યો કરવા જોઇએ.

## " કરવા યોગ્ય વિચારોને કર્ત્તવ્યો. "

દરેક વિચારમાં નિશાન (સાધ્ય) તો એ રાખવાનું છે કે—આવો અમૂલ્ય મનુષ્ય ભવ સાર્થક કેમ થાય ? આ પ્રશ્નનો ઉત્તર શાસ્ત્રકાર સ્થાને સ્થાને આપી ગયા છે કે મનુષ્ય ભવ સાર્થક કરવાનો ઉપાય ધર્મારાધન કરવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેજ છે. ધર્મારાધનના અનેક પ્રકાર છે. તેનાંથી જે જે પ્રકાર બની શકે તેવા હોય તે તે કરવા. સાધુ ધર્મ અથવા શ્રાવક ધર્મને યથાશકિત આદરવો. ધર્મ શ્રદ્ધા દઢ કરવી. જ્ઞાનાભ્યાસ કરવો. ઈંદ્રીઓના વિષયમાં આશસકિત ઘટાડવી. જીવ્હા ઈંદ્રીના વશવર્તી થઇને અભક્ષ પદાર્થોનું ભક્ષણ ન કરવું. અપેય પદાર્થોનું પાન ન કરવું. ચક્ષુ ઈદ્રિના વશવર્તી થઇને પરસ્ત્રીના અંગોપાંગ નિરખવા નહીં. એકાંત મોહોત્પાદક નાટકો જોવા નહીં. શ્રોત્રેંદ્રીના વશવર્તીપણાથી 'વસ્યાઓના રંગરાગ ગીત નૃત્યાદિ સાંભળવાની ઇચ્છા ન કરવી. સ્પર્શેદ્રીના વશવર્તીપણાથી પરસ્ત્રી ગમનાદિ પાપક્રિયામાં પ્રવર્તવું નહીં. ક્રોધને વશ થઇ અકાર્ય આચરવું નહીં. માનને વશ થઇને વિનય ધર્મ લોપી નાખવો નહીં, માયા કપટવડે સમકીત ગુણને હારી જવો નહીં અને લોભ દશાને વશ થઇ મહા આરંભકારી પાપ કાર્યમાં પ્રવર્તી દુર્ગતિને આમંત્રણ કરવું નહીં. સુપાત્ર મુનિ મહારાજા વિગેરેનો યોગ મળ્યે સુપાત્રદાન આપવું. દુખી જીવપર અનુકંપા લાવી યથાશકિત સહાય આપવી. સર્વે જીવને અભયદાન આપવાની બુદ્ધિ રાખવી. સ્વસ્ત્રીના સંબંધમાં પણ સંતોષ ધરાવી શિયળ પાળવું. યથાશકિત તપસ્યા કરવી. જિનરાજની ભકિત શક્તિ ઓળવ્યા શિવાય પૂર્ણપણે કરવી. મુનિરાજની વૈયાવચ્ચ કરવી. જ્ઞાનાભ્યાસીઓને યથાશકિત ઉપષ્ટંભ આપવું. જીર્ણોદ્ધારાદિ કાર્યમાં દ્રવ્યનો વ્યય કરવો. વારતવિક સ્વામીવચ્છળ કરવું. જિન શાસનની ઉન્નતિ થાય તેવા કાર્યમાં મન વચન કાયાનું બળવીર્ય ગોપવ્યા શિવાય પ્રવર્તવું. પાપસ્થાનકોથી અળગા રહેવું અને દરરોજ રાત્રીએ આખા દિવસમાં કરેલા શુભ અશુભ કાર્યનો સરવાળો બાંધી લાભ ટોટાનો હીસાબ મુકવો. ટોટો જણાય તો પસ્તાવો કરવો અને લાભ જણાય તો તેવા કાર્યમાં વિશેષ પ્રવૃત્તિ કરવી. નિરંતર ઉપર બતાવેલા શુભ કાર્યો સંબંધીજ વિચારો કર્યા કરવા. શૂન્યપણે જગતના અજ્ઞાની જીવોની જેમ સંસારના કાર્યમાં રચ્યાપચ્યા ન રહેવું અને અંધે અંધની જેમ ન દોરાતાં જ્ઞાન ચક્ષુવાળા જ્ઞાનીઓની પાછળ પાછળ દોરાવું. તેઓ જે માર્ગે ચાલ્યા હોય અને જે માર્ગ બતાવ્યો હોય તે માર્ગે ચાલવું.

આ પ્રમાણે પ્રવર્તવાથી મનુષ્ય જન્મ સફળ થશે, અશુભ કર્મોની નિર્જરા થશે, પુન્યબંધની વૃદ્ધિ થશે અને યાવત્ અમુક ભવની અંદર આ સંસારના મહા દુઃખકારી બંધનથી છુટી પરમપદની પ્રાપ્તિ થઇ શકશે. માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ જીવોએ આ મનુષ્ય જન્મની ખરેખરી દુર્લભતા સમજીને તેને સફળ કરવા માટે અહર્નિશ ઉદ્યમ કરવો કે જેથી પૂર્વ ભવોમાં તેને મેળવવા માટે કરેલો પારાવાર પ્રયાસ સફળ થશે અને બીજા જન્મોમાં નહી મેળવી શકાય એવી મુક્તિ સહજમાં મેળવી શકાશે.

તથાસ્તુ.

# जीर्ण ग्रंथोद्धार

(અનુસંધાન પૃષ્ટ ૯૧ થી)

પ્રખ્યાત મુનિવર્ય શ્રીમત્ શ્રી આત્મારામજી મહારાજ લખે છે કે—**"जैनी लोक जिह्वाके वास्ते खानेमें लाखो रुपइये खरच करते है. चूरम आदिकके लडुओकी खबर लीये जाते है, परंतु जीर्ण भंडारके उद्धार करणेकी बात तो क्याजाने स्वप्नमेंभी करते होवेंगे के नहीं. जिनेश्वरदेवने तो एसे कहाहै कि जो धर्मक्षेत्र बिगडता होवे तिसकी सारसंभाल पहिले करनी चाहिये. इस वास्ते इस कालमें ज्ञानभंडार बिगडता है. पहिले तिसका उद्धार करना चाहिये.** આગળ કહે છે કે—**"जो जैनी लोक अपने पुस्तक बहुत यत्नसें रखते है. यह तो बहुत अच्छा काम करते है. परंतु जसलमेरमें जो भंडारके आगे पत्थरकी भींत चिनके भंडार बंधकर छोडा है, और कोइ उसकी खबर नही लेता है. क्याजाने वे पुस्तक मट्टी होगये है के शेष कुछ रहगये है. इस हेतुसें तो हम इस कालके जैनमतीयोको बहुत नालायक समजते है."** સુજ્ઞો! વિચારો! આ વાક્ય વાંચી કોને ખેદ થયા વગર રહેશે. બાદશાહો અને દુષ્ટ ધર્મીઓના ભયથી જેસલમેરમાં ગુપ્ત ભંડાર કર્યાં તેની ખબર કોઈ લેતું નથી. જે પુસ્તકો વાંચી જાણે છે તેને પુસ્તક સબંધી લાગણી રહે છે. શ્રાવકવર્ગ સંસ્કૃત ભણ્યા વિના મુનિવર્ગ જેટલી લાગણી ક્યાંથી ધરાવી શકે. તોપણ હાલમાં સંસ્કૃતાભ્યાસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવકવર્ગ જીર્ણ ગ્રંથોદ્ધારની ચિંતા ધરાવે છે તેથી આનંદ માનવો જોઇએ છીએ. શ્રી સત્યવિજયજી પન્યાસ તથા પંડિત મુનિરાજ શ્રી પદ્મવિજયજી વિગેરે સંવેગી સાધુઓએ શ્રી અમદાવાદમાં ડહેલાના ઉપાશ્રયે પુસ્તક સંગ્રહ કર્યો છે. તેનો યથાયોગ્ય મુનિવર્ગ લાભ લેશે તો સંતોષ માનવા જેવું થશે. પાટણના ભંડારોની વ્યવસ્થા સારી થવી જોઇએ. મુનિરાજ શ્રી કાંતિવિજયજી મહારાજ પાટણના ભંડારોની વ્યવસ્થા સુધારવા જે પ્રયત્ન કરે છે તે પ્રશંસનીય છે. પાલણપુરમાં ડાયરાના ઉપાશ્રયનું પુસ્તક છે. તેનો મુનિવર્ગ લાભ લે એમ થશે તો ઠીક છે. કેટલુંક પુસ્તક આણંદજી કલ્યાણજીની દુકાને છે એમ સાંભળ્યું છે તેની પણ ટીપ થઇ ઉપયોગ થાય તો આણંદ તથા કલ્યાણ થાય. મારવાડમાં મેડતા વિગેરે સ્થાને પ્રાચીન ગ્રંથો ઉધેહીના ભોગ થઇ પડયા છે, તેની સંભાળ લેવાય તો સારૂ. આ બાબત જો મુનિવર્ગ વ્યાખ્યાનદ્વારા બોધ આપે તો લાભ થઇ શકે. દરેક ઉપાશ્રયના સાધુ યા શ્રાવકવર્ગે આ બાબતપર વિશેષ લક્ષ આપવું જોઇએ. આ જીર્ણ ગ્રંથોદ્ધારનું કૃત્ય હાલ અગત્યનું છે અને કરવા લાયક છે. ધનવાન્ ગૃહસ્થોએ ધન ખર્ચી જ્ઞાનનો લાભ લેવો જોઇએ. મુનિવર્ગે સ્વશકત્યાનું સાર ઉપદેશ આપીને આ કામમાં પ્રયત્ન કરવો જોઇએ. સુરતમાં ને અમદાવાદમાં જૈન શાળાઓ નીકળી તેમ બીજે ઠેકાણે પણ વ્યવહારીક જ્ઞાન સાથે ધાર્મીક જ્ઞાન શીખવાની શાળાઓ નીકળવાની ઘણી અગત્યતા છે, નવકારશી જમાડવી, સંઘ કાઢવો વિગેરે કૃત્યમાં લાભ છે, તેમ જૈની શાળાઓમાં પણ મોટો લાભ છે. માટે તે કૃત્ય કરવું જોઇએ. મુનિરાજ મહારાજ કે જે અભ્યાસી હોય તેમને ભણાવવામાં પંડિતના પગારની સગવડતા થવી જોઇએ. અને તેમને પુસ્તકો જે ભણવામાં જોઇએ તેની સગવડ કરી આપવી જોઇએ. તેથી મોટો લાભ થાય છે. જે ભવ્યો આ લેખ વાંચી યથાશક્તિ તન, મન ધનથી પ્રયત્ન કરશે તે આ ભવમાં અત્યંત લાભ મેળવી અનુક્રમે શિવસુખ પામશે.

इत्यलंविस्तरेण.

મુનિ બુદ્ધિસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ध्यान विषय.

## धर्मध्यानांतर्गत एकत्व भावना.

(અનુસંધાન પૃષ્ટ ૮૫ થી.)

આ સંસારને વિષે જીવ એકલોજ ઉત્પન્ન થાય છે અને એકલોજ મરે છે, એકલોજ કર્મ ઉપાર્જન કરે છે અને તેનું ફળ પણ એકલોજ ભોગવે છે. તત્વબુદ્ધિએ વિચારતાં એક શ્રી જૈનધર્મ વિના બીજા સ્વજન વર્ગાદિ કોઇ પણ સહાયકારી થતા નથી. આ જીવે અત્યંત મહેનત કરીને જે ધન ઉપાર્જન કર્યું છે તે ધન તો સ્ત્રી, પુત્ર, ભાઇ, બેન, સગાં સંબંધી પ્રમુખ ખાઇ જશે અને ધન પેદા કરવામાં જે પાપકર્મ બાંધ્યાં છે તેનું ફળ તો તેને એકલાનેજ ભોગવવું પડશે. જીવ શરીરના પોષણ સારૂ રાત્રી દીવસ નાના પ્રકારના વિચારો કર્યા કરે છે, દીનપણું ધારણ કરે છે, પારકી ગુલામગીરી કરે છે, કુળ મર્યાદાનું ઉલ્લંઘન કરે છે, ધર્મ ભ્રષ્ટ થાય છે, પોતાના હિતમાં ઠગાય છે, ન્યાયથી દૂર રહે છે, અન્યાયમાં પ્રવર્ત્તે છે, મોહ માયામાં મુંઝાય છે, અને અનેક પ્રકારના પાપો શરીરના પોષણને માટે કરે છે પણ અંતે લાલનપાલન કરેલું શરીર સાથે આવતું નથી. અહો! તેમ છતાં પણ જીવ એ શરીરને પોતાનું માની મલકાય છે, અને એના દુઃખે દુઃખી થાય છે. કેવું આશ્ચર્ય? કહ્યું છે કે—

**समए समएरे जीव, जीविआसाए सत्त चित्तेणं ।**

**जं पोसिअं सरीरं, तंपि तुह न चेव साहीणं ॥ १ ॥**

"સમય સમયને વિષે હે જીવ! જીવિતવ્યની આશાએ સાત્વીક ભાવે કરી જે શરીરનું પોષણ કર્યું તે પણ મરતી વખતે તારી સાથે આવનાર નથી." માટે તું શરીર ઉપર કેમ મોહ કરે છે. જેમાં આત્મા રહેલો છે એવુ શરીર પણ જો સાથે આવતું નથી તો આત્માથી અત્યંત ભિન્ન એવાં માતા, પિતા, ભાઇ, બેન, સ્ત્રી, પુત્ર, ધન, આદિ સાથે કહો શી રીતે આવી શકે? જ્યારે આ શરીરનો ત્યાગ કરી જીવ અપરગતિમાં જાય છે ત્યારે સગાં વહાલાં પોતપોતાનો સ્વાર્થ સંભારી રૂવે છે, માતા પિતાદિ ટગમગ દેખે છે, તે છતાં પણ જીવ એકલો પરભવમાં જાય છે. કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एकः परभवे याति जायते चैक एव हि ।
ममतोद्रेकतः सर्व संबंधं कल्पय त्यहो ॥ १ ॥
व्याप्नोति महतीं भूमिं वट बीजाद्यथावटः ।
तथैक ममता बीजात प्रपंचस्यापि कल्पना ॥ २ ॥
माता पिता मे भ्राता मे भगिनी वल्लभा च मे ।
पुत्रा सुता मे मित्राणि ज्ञातयः संस्तुताश्चमे ॥ ३ ॥
इत्येवं ममता व्याधिं वर्धमान प्रतिक्षणं ।
जनः शक्नोति नोच्छेतुं विना ज्ञान महौषधं ॥ ४ ॥

"જીવ એકલોજ પરભવમાં જાય છે, અને એકલોજ અહીં આવે છે, અને જીવ પોતે મમતાના અતિશયપણા થકી સર્વ સંબંધની કલ્પના કરે છે. આ મારા બાપ છે, આ મારા ભાઇ છે, આ મારી માતા છે, આ મારી સ્ત્રી છે. આ મારી સાસુ છે, આ મારો સસરો છે, આ મારો પુત્ર છે, આ મારા મિત્રો છે, આ મારૂં કુટુંબ છે; એ પ્રમાણે મતિ કલ્પનાએ કરી સ્થાપના કરે છે, પણ તત્વતઃ કોઇ કોઈનું સગું નથી. નાનાં બાળક જેમ ઢીંગલા ઢીંગલીની રમત રમતી વખતે સ્ત્રી ભર્તારની કલ્પના કરે છે તેવી રીતે આ સગાં સંબંધીની પણ જૂઠી કલ્પના જાણવી. એ સર્વ અજ્ઞાનપણાથકી થાય છે. જેમ વડનું ઝાડ વડના બીજથકી મોટી ભૂમિ પ્રત્યે વ્યાપે છે એટલે ઘણી ભૂમિમાં વિસ્તાર પામે છે તેમ એક મમતારૂપ બીજથકી આવી મોટી પ્રપંચની કલ્પનાઓ ઉઠે છે. એ મમતારૂપ બીજનો ધ્યાનરૂપ અગ્નિએ કરી નાશ કરવો યોગ્ય છે. સગાં સંબંધીની કલ્પના કરાવવાવાળો એવો મમતારૂપી રોગ તેને સમ્યક્જ્ઞાનરૂપ ઔષધ વિના કહાડવા લોક સમર્થ થતો નથી." વળી આ ચેતન જન્મતી વખતે કોઇને સાથે લઇને આવ્યો નથી તો મરતી વખતે કોણ સાથે આવશે ?

હે ચેતન જાગ ! અને ધર્મ કરવામાં ઉદ્યમવંત થા. અજ્ઞાનરૂપી નિદ્રાનો ત્યાગ કર અને મોહરૂપ ગોદડું દૂર કર. તું એક છે, તારૂં કોઇ નથી. જ્ઞાન દર્શન ચારિત્રરૂપ રત્નત્રયીવડે કરી તું યુકત છે. તું સિંહ સમાન પરાક્રમી છે, પણ કર્મરૂપ પંજરમાં પડયો છતો શિયાળીયાની જેવો ગરીબ બન્યો છે. એ કર્મરૂપ પંજર તને અનાદિકાળનું લાગ્યું છે. કર્મનો કર્ત્તા પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તું છે અને કર્મનો ભોક્તા પણ તું છે, અને કર્મનો નાશ કરી પરમાત્મપદ પામનાર પણ તું છે.

કર્મ સંયોગે આ પુદ્‌ગલરૂપ એંઠનો તું વારંવાર ઉપભોગ કરે છે, એ પુદ્‌ગલરૂપ એઠને તું ભક્ષણ કરે છે પુદ્‌ગલને તું પીવે છે, અને તું મોહ પણ પુદ્‌ગલથકી પામે છે; એ પુદ્‌ગળિક વસ્તુ ઉપરથી જ્યારે તને મોહ ઉતરશે ત્યારે તું આત્મ સ્વરૂપ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીશ. આત્મ સ્વરૂપ પામવાથી જન્મ મરણના ફેરા દૂર થાય છે, અને અત્યંત સુખ પ્રાપ્ત થાય છે. વિષય, તૃષ્ણા, મમતા એ સર્વ કર્મયોગે બહિરાત્મ ભાવે કરી થાય છે. જેવી મમતા સ્ત્રી ઉપર પુત્ર ઉપર તથા ધન ઉપર થાય છે. તેવી જો જીનેશ્વર ભગવાનના ધર્મ ઉપર થાય તો હથેળીમાં મુક્તિ જાણવી.

આ સંસારમાં સગાંનો સંબંધ સ્વપ્નવત્ જાણવો. એક વૃક્ષ ઉપર હજારો પંખીઓ રાત્રીએ આવી જેમ ભેગાં થાય છે અને સવાર થાય ત્યારે કોઇ પંખી કોઇ દિશામાં અને કોઇ પંખી કોઇ દિશામાં ઉડી જાય છે તેમ આ મનુષ્યગતિરૂપ વૃક્ષ ઉપર સગાં સંબંધીપણે ઘણા જીવો આવીને વસ્યા છે, પણ જ્યારે આયુષ્ય મર્યાદા આવી રહેશે ત્યારે સર્વ જુદી જુદી ગતિમાં ચાલ્યા જશે. આ પ્રમાણે એકત્વ ભાવના નિરંતર ભાવવી કે જેથી હે ચેતન! તું ચારગતિરૂપ બંદીખાનામાંથી છુટે. ચારગતિરૂપ બંદીખાનામાં હે ચેતન! તને કેમ સારૂં લાગે છે? પરભવ જાતાં જીવની સાથે પુણ્ય અને પાપ આવે છે. તે પુણ્ય અને પાપ બંને કર્મ છે. એ કર્મનો ત્યાગ કરવા પ્રયત્ન કર અને આત્માનું શુદ્ધ સ્વરૂપ વિચાર. એમ આત્મભાવે રમણતા કરતાં અરૂપીપદ પ્રાપ્ત કરીશ. આ પ્રમાણે એકત્વ ભાવના ભાવતાં ઘણા જીવો મુક્તિપદ પામ્યા છે, પામે છે અને પામશે.

મુનિ. બુદ્ધિસાગર.

# जिन प्रतिमाना फोटोग्राफ.

હમણા ઇંગ્રેજી રાજ્યના પ્રસંગથી તેની ખર્ચાળ પ્રવૃત્તિને આપણા લોકોએ અંગિકાર કરી લીધી છે તે પૈકી એક ફોટોગ્રાફ પડાવવાની પ્રવૃતિ પણ છે. ફોટોગ્રાફની ચાલેલી પ્રવૃત્તિ કેટલાક પ્રસંગમાં ઉપયોગી છે પરંતુ બધી બાબતમાં તે એક સરખો ઉપયોગ કરવા લાયક નથી. તે આ નીચે જણાવેલા કારણોથી લક્ષગત થઇ શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનંત ગુણગણ સંયુકત શ્રી જિનેશ્વર દેવના ચારે નિક્ષેપા[1] સમાન પણે પૂજનિક છે. તેમાં પણ આધુનિક સમયમા ભાવ તીર્થંકરનો ભરતક્ષેત્ર આશ્રી અભાવ હોવાથી સ્થાપના તીર્થંકરજ પરમ આધારભૂત છે. સ્થાપના તીર્થંકર તે જિન પ્રતિમા છે અને તે જિનેશ્વરની પેઠેજ રાગદ્વેષ મોહથી વિરહિતપણું સૂચવે છે, પરમ શાન્ત રસને પ્રદર્શિત કરે છે અને તેમના જોવાથી ભાવ તીર્થંકરનું યથાવત્ સ્મરણ થાય છે. જિન પ્રતિમા વિશેષે આરસપહાણની બનાવવામાં આવે છે. પરંતુ તેનું પૂજનિકપણું થવા માટે કેટલીક ખાસ શાસ્ત્રોકત ક્રિયા કરવી પડે છે. જેને અંજનશલાકા ક હેવામાં આવે છે, તે શિવાય તેવી પ્રતિમા પૂજનિક ગણાતી નથી.

આવી પ્રતિમાઓનું બહુમાન ભાવ તીર્થંકર તૂલ્યજ કરવાનું છે અને તેવી સિદ્ધાંતની આજ્ઞાને અનુસરીને ઇંદ્રાદિક શાશ્વત અશાશ્વત જિન બિંબની પોતપોતાની શકિત પ્રમાણે ભકિત કરે છે. આધુનિક સમયમાં પણ પુણ્યોદયની પ્રબળતાથી સ્થાને સ્થાને જિન પ્રતિમાનું લભ્યપણું છે તે છતાં ઉપર કહી ગયા પ્રમાણે ચાલેલી પ્રવૃત્તિને લીધે કેટલાક ફોટોગ્રાફરોએ જિન પ્રતિમાના પણ ફોટોગ્રાફ લેવા માંડયા છે અને તેનું ઓછી વત્તી કિંમતે વેચાણ કરવા લાગ્યા છે. આ કેટલું બધું અઘટિત છે તેનો વિચાર જૈન ફોટોગ્રાફરે અને જૈન ખરીદદારોએ ખાસ કરવાની જરૂર છે.

જેનું બહુમાન આપણે ભાવ તીર્થંકર સમાન કરવા યોગ્ય છે એવી જે જિન પ્રતિમા તેના ફોટોગ્રાફનું પણ તેટલુંજ માન જાળવવું જોઇએ. તેને બદલે ચાર કે આઠ આનાની કિંમતે વેચાથી લીધેલા ફોટોગ્રાફનું માન આપણે કેટલું જાળવીએ છીએ. અને તેવી પ્રવૃત્તિ વધવાથી પરિણામે તેનું કેટલું માન જળવાશે તેનો જરા લાંબી નજરે વિચાર કરશો તો તરતજ લક્ષમાં આવી જશે કે કદિ પણ આપણે ફોટોગ્રાફનું જિનપ્રતિમાતૂલ્ય માન જાળવી શકવાના નથી. દેરાસરમાં જિન પ્રતિમાની સમક્ષ આપણે અનેક આશાતનાઓ વર્જિએ છીએ પણ ઘરે ફોટોગ્રાફ બાંધશું તો તેની પાસે તેટલી આશાતના વર્જવાના નથી. વર્જિ શકવાના પણ નથી. એટલે સ્વતઃ માન હાની હશે, ભકિત ભાવમાં ભંગતા પ્રાપ્ત થશે અને ધીમે ધીમે નિરાદર—અલ્પાદર ભાવ વૃદ્ધિ પામતો જશે એટલુંજ નહીં પણ તેની જીર્ણ સ્થિતિ થયે તે કયાં પડેલ છે. તેની દરકાર પણ રહેશે નહીં. કારણ કે એમાં એટલી

૧ નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કિંમત-દ્રવ્ય રોકાયેલ નથી કે જે આપણને તેની સંભાળ રાખવાની ચીવટ ઉત્પન્ન કરે. અને ભક્તિના કારણથી ચીવટ રહેવી જોઇએ તેનો તો આપણે ધીમે ધીમે વિનાશ કરી નાખેલોજ હોય છે.

આ પ્રમાણે ફોટોગ્રાફ ખરીદ કરનારને હાનીની શ્રેણિ પ્રાપ્ત થાય છે તેજ પ્રમાણે તેવા ફોટોગ્રાફ પાડનાર તેવી આશાતનાનો કારણીક માત્ર દ્રવ્યના લોભવડે થતો હોવાથી તેને પણ હાનીની શ્રેણિ પ્રાપ્ત થાય છે.

આ બાબત પ્રથમ પુનામાં જ્યારે મહાવીરસ્વામીની છબી છપાણી ત્યારે ચરચાણી હતી અને તે બંધ કરાવવામાં આવી હતી. હાલમાં ભાવનગરમાં એક ફોટોગ્રાફરે પ્રભુની મૂર્ત્તિના ફોટોગ્રાફ બહાર પાડયા હતા તેને પણ શ્રી સંઘે અટકાવેલ છે. મુંબઇમાં હાલ તરતમાં એ બાબત એક દવા ઉપર તેવી છાપ આવવાથી ચરચાય છે પરંતુ તે મૂર્ત્તિ બૌધની હોવાનો સંભવ વધારે છે.

આ સંબંધમાં કેટલાએક જૈનબંધુઓ એમ સમજતા જણાય છે કે પ્રભુની છબી વાસક્ષેપાદિ ક્રિયાવડે જ્યાંસુધી પૂજનિક કરવામાં ન આવે ત્યાં સુધી તેની આશાતના શેની થાય? પરંતુ આ સમજવું ભૂલ ભરેલું છે કારણકે ચિત્રની મુર્ત્તિને માટે વંદનીક પૂજનિક થવા સારૂ એવા પ્રકારની ક્રિયા કરવાની કહેલી નથી. તે તો સંપૂર્ણ ચીત્રાઈ રહે એટલે નમસ્કાર કરવા યોગ્ય મનાય છે. કેમકે આરસ વિગેરેના બિંબની જેમ તેની કાંઇ અષ્ટપ્રકારી પૂજા થતી નથી. માત્ર વાસક્ષેપ ધૂપાદિવડેજ પૂજા થાય છે, આવી પૂજા કરવાનું પણ ફોટોગ્રાફો થયા પછી તો બંધજ થશે એમ સમજવું. ચિત્ર પ્રતિમા જેટલું પણ ફોટોગ્રાફનું માન જળવાવાનું નથી. તેની આશાતના તો ચિત્રપણે કે ફોટોગ્રાફપણે તૈયાર થઇને બહાર પડયા પછી તરતથીજ ગણવાની છે.

વળી જો આ પ્રચાર આગળ વધશે તો તેને પરિણામે એક એક આનામાં ફોટોગ્રાફ વેચાશે અને કાપડ વિગેરે ઉપર છાપ થઇને આવશે કે, જે વગર કિંમતે પણ મળી શકશે. માટે પોતાના અતિ મહત્વાળા અનંત ગુણ ગણ સંપન્ન મહાન્ દેવનું ભક્તિ બહુમાન જળવાઇ રહેવા માટે એવો પ્રયત્ન પોતે કરવો નહીં એટલુંજ નહીં પણ જ્યાં થતો જણાય ત્યાં અટકાવવો, ઉત્તેજન ન આપવું, ખરીદી ન કરવી અને બંધ કરાવવા માટે બની શકે તેટલો દઢ પ્રયત્ન કરવો. એ જૈન બંધુઓની ખાસ ફરજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રસંગે એટલું પણ જણાવવાની જરૂર કે બુ-ચોપડીઓની અંદર પણ પ્રભુની મૂર્તિ કે સિદ્ધચક્ર છપાવવા તે અયોગ્ય છે, આશાતનાના કારણભૂત છે અને બહુમાન ઘટાડનારા છે. ૨૪ પ્રભુની મૂર્તિની બુકો, કાગળો તેમજ સિદ્ધચક્રના યંત્રો જુદા છપાય છે તે પણ વાસ્તવીક રીતે હાનીકારક છે. તેથી જો લાભ ગણવામાં આવતો હોય તો વેચનારને દ્રવ્ય સંબંધી મળે છે તે છે. બાકી તો તે લાભ કરતાં નુકશાન વધારે છે તેથી એ પ્રકાર પણ બંધ કરાવવા યોગ્ય છે.

જો ઉપર બતાવ્યા પ્રમાણેની ફરજ બજાવાશે તો જેમ અન્ય મતિના દેવોની છબી, છાપ, ફોટોગ્રાફ વિગેરે સ્થાને સ્થાને રખડતી સ્થિતિમાં જોવામાં આવે છે એમ આપણા દેવાધિદેવની છબી માટે જોવાનો વખત નહીં આવે અને પોતાની ભકિત બની રહેશે જેથી આત્માનું હિત થશે. અહિત અટકશે.

**તથાસ્તુ.**

# प्रश्नोत्तर.

**શા. બાપુલાલ હવેલીવાળાએ** પુછેલા પ્રશ્નો ઉત્તરસહીત આ **નીચે** પ્રગટ કર્યા છે.

**પ્રશ્ન ૧—સંસારદાવાની** સ્તુતિમાં ચોથી થોયના ત્રણ પદ પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં ઉંચે સ્વરે કહેવામાં આવે છે તે બાબત કાંઇ શાસ્ત્રાધાર છે. ?

**ઉત્તર**—એને માટે પરંપરા પ્રમાણ છે. એમાં શાસ્ત્રાધાર હશે તો તે સ્મરણમાં નથી. એમ બોલવું સાહેતુક છે.

**પ્રશ્ન ૨**—વંદિત્તુ ન આડવતું હોય તો તેને બદલે બીજું કાંઇ કહેવાનો શાસ્ત્રાધાર છે. ?

**ઉત્તર**—વંદિત્તાને સ્થાને બીજું કહેવાય નહીં. પરંતુ કેટલેક ઠેકાણે તેને બદલે ૫૦ નવકાર કહેવાનો રિવાજ છે પણ તેને માટે શાસ્ત્રાધાર નથી.

**પ્રશ્ન ૩**—મુહપતિ ફાટેલી હોય તો ચાલે કે કેમ. ?

**ઉત્તર**—ન ચાલે. વાસ્તવીક તો સામાયિક કરવાનું કોઈ પણ વસ્ત્ર ફાટેલું ન જોઇએ. તો પછી મુહપત્તિ જેવી સ્વલ્પ વસ્તુ તો ફાટેલી વપરાયજ કેમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૪**—સામાયિક પ્રતિક્રમણ કરતાં પાણી પીવાય કે કેમ. ?

**ઉત્તર**—ન પીવાય. પરંતુ પોસહમાં બાધક સમજવો નહી કારણ કે એનો કાળ ઘણો છે. અને આનો તો બે ઘડીનો છે.

**પ્રશ્ન ૫**—શુભ ખાતાના પૈશા જૈનધર્મશાળામાં વપરાય કે કેમ. ?

**ઉત્તર**—વપરાય. પરંતુ શુભ ખાતે દ્રવ્ય કાઢનારે કાઢતી વખતે કરેલી ધારણા ઉપર એમાં વધારે આધાર છે. શુભ એટલે શ્રેષ્ટ-પુન્ય બંધનું ખાતું. એમાં તમામ ખાતાનો સમાવેશ થઇ શકે છે.

**પ્રશ્ન ૬**—આગલા જન્મનુ આયુષ્ય કયારે બંધાતું હશે ?

**ઉત્તર**—આયુષ્યના પાછલા ત્રીજા ભાગમાંજ આવતા ભવના આયુષ્યનો બંધ પડે છે. એમાં ત્રીજા, નવમા, સત્તાવીશમા ભાગે એમ કરતાં છેવટ અંતર્મુહુર્ત્ત આયુ શેષ રહે ત્યારે બંધ પડે છે. પ્રથમના બે ભાગમાં તો બંધ પડતોજ નથી.

**પ્રશ્ન ૭**—ઉપશમ, વિવેક ને સંવર તે શું ?

**ઉત્તર**—આ ત્રણે શબ્દનો અર્થ બહુ ગંભીર છે. તેનો ટુંકો અર્થ આ પ્રમાણે છે-**ઉપશમ** તે ક્રોધનો ત્યાગ, શાંતિ, ક્ષમા. **વિવેક** તે કૃત્યા કૃત્યની વિચારણા. અને **સંવર** તે કર્મ બંધના કારણોનો નિરાસ-આત્માનું સ્વભાવમાં સ્થિત થવું વિગેરે.

**પ્રશ્ન ૮**—ચારે નિકાયના દેવોને સ્ત્રીઓ હશે ? હોય તો કેટલી ?

**ઉત્તર**—ચારે નિકાયના દેવોને સ્ત્રીઓ હોય છે, જે દેવાંગના કહેવાય છે. તેમાં ઇંદ્રોને આઠ, છ, ચાર એમ ઇંદ્રાણીઓ હોય છે. બીજા દેવોને એકેક અથવા વધારે દેવીઓ હોય છે. દેવીઓની ઉત્પત્તિ બીજા દેવલોક સુધીજ છે અને તેનું ગમનાગમન આઠમા દેવલોક સુધી છે. ત્યાર પછીના ચાર દેવલોકના દેવોને મનથીજ વિષય ભોગ છે. અને ગ્રૈવેયક તથા અનુત્તર વિમાનના દેવોને સ્ત્રી સંબંધ બીલકુલ નથી.

**પ્રશ્ન ૯**—દેવતાઓ કેવી રીતે ઉત્પન્ન થતા હશે ?

**ઉત્તર**—દેવતાઓને ઉત્પન્ન થવાની ઉત્પાદ શય્યા હોય છે. તેમાં એકદમ ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થતાંજ સર્વાંગ સુંદર, વસ્ત્રાભૂષણ સંયુક્ત, અને યુવાવસ્થાવાન્ હોય છે. તેને બાલ્યાવસ્થા કે વૃદ્ધાવસ્થા છેજ નહીં. આખા ભવપર્યંત એક યુવાવસ્થાજ સ્થિત રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૧૦**—સ્વર્ગ એટલે શું અને મોક્ષ એટલે શું? તેમાં ફેર શો? અને તેના પ્રકાર કેટલા?

**ઉત્તર**—સ્વર્ગ તે દેવતાઓને રહેવાનું નિવાસસ્થાન અને મોક્ષ તે સર્વ કર્મથી રહીત થયેલા સિદ્ધોને રહેવાનું સ્થાન. તેમાં ફેર અત્યંત છે. દેવતાઓ આઠે પ્રકારના કર્મોથી સંયુક્ત છે, પુણ્યોદયના યોગવડે સ્વર્ગમાં ઉત્પન્ન થાય છે અને પુણ્ય ભોગવી રહ્યા પછી પાછા પોત પોતાના કર્માનુસાર મનુષ્યગતિમાં કે તિર્યંચગતિમાં ઉપજે છે અને ચારેગતિમાં પરિભ્રમણ કરે છે. અને મોક્ષમાં ગમન કરનારા સિદ્ધ સર્વ કર્મથી રહિત થયેલા છે અને ફરીને આ સંસારમાં તેમને આવવાપણું નથી.

દેવતાઓના મુખ્ય ચાર પ્રકાર છે. ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષિ અને વૈમાનિક તેના ભેદો અને સ્થાનાદિ હકીકત ઘણી છે તે સંગ્રહણી પ્રકરણાદિથી જાણી લેવી. અત્ર વિસ્તાર થવાના કારણથી લખેલ નથી. સિદ્ધના પંદર ભેદ છે તે અહીંની મનુષ્ય ગતિની અપેક્ષાએ છે. તેનો વિસ્તાર નવતત્વ પ્રકરણાદિકથી જાણી લેવો.

# યુવાનોને ગ્રાહ્ય સન્માર્ગ.

મેહેરબાન અધિપતિ સાહેબ.

નીચેનો વિષય આપના પ્રસિદ્ધ પત્રમાં છાપી આભારી કરશોજી.

દરેક મનુષ્ય પોતાની જીંદગીમાં સુખી થવાને, અને આ તથા પછીનો ભવ સુધારવાને ઇચ્છે છે; જે યુવાનો સન્માર્ગ ગ્રહણ કરી પોતાનો જીંદગી સમય શુભ વાસનાઓથી પૂર્ણ કરે છે તેઓને માટે હમેશાં સુખ નિર્માણ કરાયેલું છે; કુમાર્ગે ચઢી જઇ ઘણા યુવાનો પોતાની જીંદગીને ઝેરમય કરી નાંખે છે; અને આખરે દુઃખી થાય છે.

મનુષ્યની જીંદગીના ચાર ભાગ પાડી શકાય છે; બાલ્યાવસ્થા, યુવાવસ્થા, મધ્યાવસ્થા, અને વૃદ્ધાવસ્થા જીંદગીની શરૂઆતથી સોળ વર્ષનીવય સુધી બાલ્યાવસ્થા, ચાળીસ સુધી યુવાવસ્થા, પંચાવન સુધી મધ્યાવસ્થા, અને પછી વૃદ્ધાવસ્થા. એ પ્રમાણે વર્તમાન સમયમાં જોવામાં આવે છે; આ ચાર અવસ્થામાંથી યુવાવસ્થા તે ખરેખરી ઉપયોગી અવસ્થા છે; તેમાં પણ સોળથી ત્રીશ વર્ષ તેતો ખીલતી જુવાની, અથવા જેને ઈંગ્લીશમાં Flower

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



of age (જીંદગીનું ફુલ) કહે છે, તે છે. આ સમય ઘણોજ બારીક છે. પહેલાં માતાપિતા અને ગુરૂજનના હાથ નીચે તે મનુષ્ય બાળક ગણાતો હોય છે આ વખતમાં મુરબ્બી મંડળનો દાબ તેના ઉપરથી ઓછો થતો જોય છે, અને મનમાં સ્વતંત્ર થવાની ઇચ્છાના અંકુરો ફુટે છે; આ વખતમાં પડેલી રીત ભાત, વર્તણુક, સદ્ગુણ વા દુર્ગુણ સર્વદા રહેવાનું રૂપ ધારણ કરી સ્થાયી થાય છે; આ ઉમરમાં કીર્તિ, માન અને અમરપદ અપાવનાર ઉચ્ચ માર્ગ ગૃહણ કરી શકાય છે, અથવા કુમાર્ગ ગૃહણ કરીને ખરાબ માર્ગે દોરાઇ જવાય છે. સારા અથવા ખરાબ ગુણો એકઠા કરવાની યુવાવસ્થા મુખ્ય વય છે; તેમાં ગૃહણ કરેલા માર્ગ ઉપરજ તેની પછીની જીંદગી–મધ્યાવસ્થા તથા વૃદ્ધાવસ્થા દોરાય છે; ધન ઉપાર્જન કરવાનું, નીતિ તથા આબરૂ સંપાદન કરવાનું, સંસારના ક્ષણીક પણ પ્રિય લાગતા સુખો ભોગવવાનું, ધર્મ માર્ગ ગૃહણ કરી ઉચ્ચપદ મેળવવા માટે યત્ન કરવાનું, વીગેરે જે જે કાર્યો કરવાનાં છે, તે આ અવસ્થામાંજ થઇ શકે છે; વળી ઉછળતા વિચારો, અનુભવ વગરના રસ્તાઉપર ચાલવાની હિંમત, દરેક જાતના કાર્યો પોતાનાથીજ થાય અને પોતાનેજ યશ મળે તેવી ઇચ્છા, વીગેરે વિઘ્નો પણ આજ અવસ્થામાં રહેલા છે; અને તેને જીતી સન્માર્ગ ગૃહણ કરવો તે પણ આજ અવસ્થાનું કર્તવ્ય છે; આ યુવાવસ્થાનો સારો ઉપયોગ કરવાથી આ સંસારમાં જન્મ લઇને જેજે ફરજો બજાવવાની છે, તે યોગ્ય રીતે અદા કરી શકાય છે; આ જીંદગીમાં યત્ન નહિ કરનારા પુરૂષોને આખરે પસ્તાવો કરવો પડે છે; માટે આ નીચે ટુંકાણથી વિવેચન કરેલા વિષયો ઉપર યોગ્ય ધ્યાન આપવાથી સન્માર્ગ ઉપર ચઢી શકાશે એવી આશા છે.

## ( ૧ ) સદ્વર્તન–( Good character )

સુમાર્ગે ચઢવા ઇચ્છનારા દરેક મનુષ્યને સદ્વર્તન રાખવાથીજ આગળ વધી શકાય છે; સદ્ગુણોને ગૃહણ કરવા તે સદ્વર્તનના ભાગો છે; સુવર્તન વાળા મનુષ્યો ઉપર સર્વે વિશ્વાસ મુકે છે; તે જે કરે છે, જે બોલે છે, જે જે પ્રયત્નો કરે છે, તેને દરેક માણસ યોગ્યજ ગણે છે, અને તેમાં તે પુરૂષ ફતેહમંદ થાયજ છે. વળી સદ્વર્તન વાળો દરેક પુરૂષ પંડિતજ હોય એમ પણ નથી; તેમ દરેક પંડિતમાં સદ્વર્તન હોય એ વાત પણ અશક્ય છે; ઘણી વાર જ્ઞાન તો હલકા મનુષ્યોમાં પણ માલુમ પડે છે, પણ સદ્વર્તન તો ખરેખરા શુદ્ધ મનુષ્યમાંજ હોય છે; આવા મનુષ્યો વિના સૃષ્ટિક્રમ આગળ ચાલી શકતો નથી; જ્ઞાની ગણાતા મનુષ્યોનાં લોકો વખાણ કરે છે, પણ શુદ્ધ વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્તનવાળા મનુષ્યોનું તો તેઓ અનુકરણ કરે છે; બુદ્ધિ મગજમાંથી ઉત્પન્ન થાય છે, ત્યારે સદ્વર્તન શુદ્ધ અંતઃકરણની ઉત્પત્તિ છે; અને તેજ અંતઃકરણ એક મિત્ર તરીકે દરેક શુભ વા અશુભ કાર્ય પરત્વે યોગ્ય સલાહ આપે છે; વળી ધનવાન મનુષ્યજ સદ્વર્તન વાળો હોઇ શકે એમ નથી; તેમ સુવર્તન વાળા મનુષ્યને ધનની જરૂર પણ નથી; સ્માઇલ્સ કહે છે કે " નબળા મન-વાળા, સ્વઅંકુશવિનાના, અને અનિયમિત જુસ્સાવાળા મનુષ્યના હાથમાં રહેલો પૈસો માત્ર એક લાલચ અને જાળ છે; અને તે તેને તથા બીજાને મહાન્ અનર્થનું કારણ થઇ પડે છે." આવો મનુષ્ય પોતાની જાતને, જ્ઞાતિને, કુટુંબને, દેશને, અને સર્વને સુધારી શકે છે; સાંભળ્યા કરતાં જે જોયું હોય તેનું અનુકરણ કરવાનો સ્વભાવ દરેક મનુષ્યનો હોવાથી જેજે દેશમાં આવા શુદ્ધ વર્તનવાળા મનુષ્યો હોય છે તે તે દેશ તરતજ સારી સ્થીતિ ઉપર આવી શકે છે. એક વિદ્વાન્ કહે છે કે "દરેક માણસ પૈસાદાર, ડાહ્યો અને વિદ્વાન્ થવાને બંધાયેલો નથી; પણ દરેક મનુષ્ય પ્રમાણિક ( સુવર્તન વાળો ) થવાને બંધાયેલો છે. " આવુંજ વર્તન મનુષ્યને ઉંચી સ્થીતિએ પહોંચાડે છે, અને સન્માર્ગ ઉપર તેને દોરી લાવે છે; જેમ જેમ સદ્વર્તન વાળા થવાની ટેવ વધારીએ તેમ તેમ તેમાં ફાયદાકારક વધારો થયા કરે છે. આ ટેવ જાતિ તપાસ, સ્વઅંકુશ, અને સ્વઅભ્યાસથી બહુ વધારી શકાય છે,

ચારે તરફ દ્રષ્ટિ ફેરવી જોતાં માલૂમ પડશે કે વ્યભિચાર, છેતરપિંડી, લુચ્ચાઈ, સ્વાર્થીપણું વીગેરે દુર્ગુણો કદાચ પહેલાં લાભકારક દેખાતા હશે, પણ આખરે નાશકારક અવસ્થાએ પહોંચાડે છે, અને આખરે સુવર્તન વાળાનોજ જય થાય છે; તે મનુષ્ય અદ્રશ્ય, અને ધીમે ધીમે પણ ચોકસરી. તે આગળ વધ્યાજ કરે છે; માટે દરેક યુવકને પોતાની યુવાવસ્થામાં સદ્વર્તન રાખવું જરૂરનું છે અને સૃષ્ટિક્રમમાં આગળ વધવામાં સહાયકારક છે.

**( ૨ ) મિત્રતાની અસર—( Influence of friendship ).**

" જેવી સોબત તેવી અસર " દરેક મનુષ્ય ઉપર થાય છે, અને લોકોમાં પણ તે મનુષ્યની તેવીજ છાપ પડે છે, સુસોબતમાં ફરનાર પુરૂષ સારોજ થાય તેમાં કાંઇ શક છેજ નહિ; વિરક્તની સાથે ફરનાર વિરક્ત, ભોગીની સાથે ફરનાર ભોગી, વ્યસનીની સાથે ફરનાર વ્યસની, અને સદાચારીની સાથે ફરનાર સદાચારીજ થાય છે; એક સંસ્કૃત કવિ કહે છે કે "હલકા મનુષ્ય સાથે ફરવાથી બુદ્ધિ હલકી થાય છે; સરખા સાથે ફરવાથી હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવીને તેવીજ રહે છે અને ઉત્તમ મનુષ્યો સાથે ફરવાથી બુદ્ધિ ઉત્તમ થાય છે. " વળી કોલ્ટન નામનો ઈંગ્લીશ ગ્રંથકાર કહે છે કે " ખરાબ સોબત કરતાં કોઇ પણ સોબત નજ હોય તે સારી; જેવી રીતે તંદુરસ્તી કરતાં રોગ વધારે ચેપી હોય છે, તેમ બીજાના સદ્ગુણ કરતાં દુર્ગુણ વધારે ચેપી હોવાથી તે તરતજ ગૃહણ કરી લેવાય છે. " સારા મનુષ્યો પણ ખરાબની સંગત કરવાથી બદલાઇ જાય છે. **પંચતંત્રમાં** કહ્યું છે કે—"

**संतप्तायसि संस्थितस्य पयसो नामापि न ज्ञायते ।**
**मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते ॥**
**स्वातौ सागरशुक्तिसंपुटगतं तज्जायते मौक्तिकं ।**
**प्रायेणाधममध्यमोत्तमगुणाः संवासतो जायते ॥ १ ॥**

" બહુ તપેલા એવા લોઢા ઉપર મુકેલા પાણીનું નામ પણ રહેતું નથી; તેજ ટીપું કમળના પાંદડા ઉપર રહેવાથી મોતી સદશ શોભાયમાન લાગે છે; અને સ્વાતિ નક્ષમાં સમુદ્રમાં રહેલી માછલીની છીપમાં જો તેજ ટીપુ પડે તો તેનું મોતી થાય છે; આવી રીતે ઘણું કરીને અધમ, મધ્યમ અને ઉત્તમ ગુણો ( મનુષ્યમાં ) સહવાસથીજ પ્રાપ્ત થાય છે." આવી મિત્રતાની અસર દરેક મનુષ્ય ઉપર સ્થાયી થાય છે; અને તેમાં પછીની જીંદગીમાં ફેરફાર થવો બહુંજ મુસ્કેલ છે; જેવી રીતે બાળપણમાં બાળકો પોતાના માતા પિતા સદશ ગુણો મેળવે છે, તેવીજ રીતે પછીની અવસ્થામાં જેવી સોબત તેવા ગુણો તે મેળવે છે: માટે દરેક યુવાને મિત્ર કરતાં બહુજ સંભાળ રાખવી; સારો વર્તણુકવાળા મિત્રોજ પસંદ કરવા; જેથી યુવાવસ્થામાં સદ્ગુણ પ્રાપ્ત થવાથી આ જીંદગીમાં સુખી થઇ શકાય

( ૩ ) **ઇંદ્રિયો ઉપર અંકુશ.** ( Restraint of senses )

દરેક મનુષ્યને ઇંદ્રિય નિગ્રહ બહુજ ઉપયોગી છે; તે શિવાય ઘણા માણસો દુઃખી થાય છે; સ્પર્શ, જીહ્વા, ઘ્રાણ ચક્ષુઃ, ને કર્ણ, આ પાંચેના જે જે ભોગ્ય વિષયો છે તેની તેની ઇચ્છાને દબાવવા યત્ન કરવો, અને ઉપભોગ લેતી વખતે પણ તેમાં અત્યંત લોલુપતા ન રાખવી, તેનુ નામ ઇંદ્રિય નિગ્રહ; મી. **ત્રીપાઠી** કહે છે કે "દિવાસળીમાં જેમ અગ્નિ રહેલો છે તેવીજ રીતે દરેક મનુષ્યના અંતકરણમાં વિષય વાસના સદૈવ વસતીજ રહે છે; અને વિષયનો પ્રસંગ પડતાં તે વાસના તરતજ જાગ્રત થાય છે." ઇંદ્રિય ઉપર અંકુશ રાખનાર પુરૂષજ ખરો શુરવીર છે, યુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાવસ્થામાં ઇંદ્રીયો બહુ સતેજ હોય છે. અને તેવા વખતમાં તેની ઉપર દબાણ રાખવું જેટલું મુશ્કેલી ભરેલુ છે તેટલુ જ ઉપયોગી અને લાભકારક છે; યુવાનોએ સુખ ભોગવવું જોઇએ, અને દરેક ઇંદ્રિયને આનંદ આપવો જોઇએ. તેમ કહેવાય છે, પણ સુખનો ઉપભોગ કરતાં બહુજ સાવધ રહેવું જોઇએ ઇંદ્રિયો એવા સ્વભાવવાળી છે કે જેને થોડુંક મળવાથી તૃપ્તિ થતી નથી, અને વધારેની ઇચ્છા થાય છે, માટે તે ઇંદ્રિયજન્ય સુખમાં અંકુશ રાખવોજ જોઇએ; ટોડ કહે છે કે "જો તમારે તમારી નીચ સ્થીતિ અધોગતિ-કાયમ રાખવી હોય, અને શાંતિ, મહત્તા અને ઉપયોગિતાનો ચિરકાળ નાશ કરવો હોય તો તમારી વાસનાઓને તમારે સ્વછંદે વૃદ્ધિ પામવા દેવી અને મનોવિકારની અયોગ્ય માગણીઓ સ્વીકારવી; અને આવું કરીને તમે નક્કી માનજો કે તમે એક એવો રસ્તો ગ્રહણ કર્યો છે કે જેમાં તમારો નાશજ થવાનો." આવા વિદ્વાન્ પુરૂષ પણ જેને માટે આવું કહે છે, તે ઇંદ્રિયપર અંકુશ કેવો ઉપયોગી હશે? આસપાસ જોશું તો માલમ પડશે કે, જે જે મનુષ્યો ઇંદ્રિયોની અયોગ્ય માગણીઓ સ્વીકારે છે, ને તેના ઉપર અંકુશ રાખતા નથી તે જરૂર દુઃખીજ થયા છે અને થાય છે. માટે દરેક યુવાનને ઇંદ્રિય નિગ્રહ બહુજ ઉપયોગી અને ગ્રાહ્ય છે.

## ( ૪ ) કરકસર-( Economy of money

પોતાથી અથવા તો વડીલોથી ઉપાર્જન કરાયેલી દોલતનો યોગ્ય ઉપયોગ કરવો તે કરકસર કહેવાય છે; યોગ્ય વખતે યોગ્ય વ્યય તો કરવોજ જોઇએ, પણ અયોગ્ય વખતે જરૂર ન હોય તો પણ, રીસ્યતરીતે માટે અથવા વૃથા આબરૂ મેળવવા માટે જે ખોટા ખર્ચ કરવે તે ઉડાઉપણું; અને પોતાને માટે અથવા સગાં સંબંધીઓને ખાતર ખર્ચ કરવાની આવશ્યકતા હોય તો પણ ન કરવો તે કંજુસાઇ, અને આ બંનેને નહિ ગ્રહણ કરી યોગ્ય ખર્ચ કરવો તે કરકસર કહેવાય છે. યુવાવસ્થામાં દોલત ઉપાર્જન કરવાના ઘણા સાધનો મળે છે; તેથી તે વખતે યોગ્યાયોગ્ય ખર્ચ તરફ ધ્યાન નહિ આપવાથી આવક કરતાં ખર્ચ વધી પડે છે, જેથી પછીની જીંદગીમાં દુઃખી થવાનો વખત આવે છે; અને તેવીજ કંગાળ હાલતમાં અંતે આયુષ્યનો ક્ષય થાય છે. વળી યુવાવસ્થામાં પડેલી ઉડાવવાની ટેવ વૃદ્ધાવસ્થામાં પણ જતી નથી, અને તેથી કદાચ કરજ પણ કરવું પડે છે. જેથી મરતી વખતે પોતાના પુત્રોને કાંઇ પણ દ્રવ્ય વારસામાં આપી જવાને બદલે દેવાદાર સ્થીતિમાં મુકી જાય છે, અને તે બિચારાની જીંદગી બધી નિરસ થઇ જાય છે; આવી રીતે ઉડાઉ માણસ પોતાની જાતને તથા સગા સંબંધીઓને દુઃખમાં દોરી જાય છે. કંજુસતો જીવે ત્યાં સુધી પોતે વાપરી શકતો નથી, બીજાને વાપરવા દેતો નથી, અને છેવટે "પૈસા-પૈસા" કરતો મરણ પામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આવી રીતે, ઉડાઉ તથા કંજુસ બંને મનુષ્યો દુઃખી થાય છે; કરકસરની ટેવવાળા મનુષ્યને આમાંથી એકે બાબતની અડચણ આવતી નથી; પૈસો વાપરવામાં સુખ, અને મરતી વખતે પણ તે સુખીજ હોય છે; કોબેટ કહે છે કે "દરેક મનુષ્યો પોતાની દોલતની સંભાળ લેવીજ જોઇએ; ડહાપણથી અને કરકસરથી તેનો ખર્ચ કરવો, અને પોતાની આવકનાં પ્રમાણમાં ખર્ચ રાખવો." ઇગ્લીશમાં કહેવત છે કે "કરકસર મનુષ્યને પૈસાદાર કરે છે" માટે પોતાની જીંદગી આનંદમાં પસાર કરવા ઇચ્છતા દરેક યુવાનોએ કરકસરની ટેવ પાડવી તે બહુજ જરૂરનું છે.

(૫) **વખતનો ઉપયોગ**-( Economy of time )-

દરેક મનુષ્યે આ વાત બહુજ ધ્યાન રાખવા જેવી છે; વખત એ એ એવી વસ્તુ છે કે જેની ખોટ કદી પણ પુરાતી નથી, જે વસ્તુ ગઇ પાછી મળતી નથી, અને ઓછી થતીજ જાય છે; એક કહેવત છે કે "ખત અને ભરતી કોઇને માટે રાહ જોતી નથી" એ વાત સત્યજ પાણીના રેલાની માફક ધસારા બંધ વખત ચાલ્યો જાય છે, અને આયુષ્યને ઓછું કરતો જાય છે. ગ્લાડસ્ટન કહે છે કે "વખતની કરકસર કરશો તો તમારા સ્વપ્નામાં પણ નહિ ધારેલો એવો મોટો ફાયદો તમે મે શકશો; આ દુનિયામાં જે ચીજ મનુષ્ય પાસે યોગ્ય જથામાં છે, અને મોટો ભાગ મનુષ્ય ઉડાઉપણે ઉડાવી દે છે, તે વખત છે." કદાચ પૈ સંબંધમાં આપણે કરકસર કરીએ, પણ આપણે અજરને અમર છી એમ ધારીને વખતને ઉડાવી દઇએ તો તે કેટલી બધી મુર્ખતા કહેવાય

આજ તે બે કાલ ( ગઇ કાલને આવતી કાલ ) ની બ...

એ વિદ્વાનોનાં કહેવામાં કેટલી બધી સત્યતા રહેલી છે. જે વખત તેતો ગયોજ, અને ભવિષ્યનો વખત આપણા હાથમાં છે માટે જે વખત આપણા હાથમાં હોય તેનો સદુપયોગ કરવો, પણ ... નહિ ગુમાવવો તેજ કર્તવ્ય છે; વખત એ ખરેખરી દોલત છે, "નાણું મળશે પણ ટાણું નહિ મળે" તે વાત અવશ્ય ધ્યાનમાં રાખવાની છે. મહાન્ આયુષ્યવાળા ઓનાં આયુષ્ય પણ પુરાં થઇ ગયા છે, તો આપણું ટુંકું આયુષ્ય ચાલી જતા વાર શી લાગવાની ? અને છેલ્લીજ ઘડીએ આવી રીતે ઉડાવી નાંખેલા વખતનો શોચ થશે, માટે પહેલાથીજ ચેતવું લાભકારક છે. કાલ શું થશે તે જાણવાને જ્ઞાની શિવાય બીજુ કોઇ પણ શક્તિવાન નથી; વળી જીંદગીમાં ઘણા કામો બજાવવાના છે; માટે જો વખતનો યોગ્ય ઉપયોગ ન કરીએ તો ખરેખર આપણે પોતાની ફરજો સંપુર્ણ રીતે કદી પણ અદા કરી શકીએજ નહિ; માટે પોતાના હાથમાં રહેલી દરેક પળનો યોગ્ય ઉપયોગ કરી, તેને ફોકટ જવા ન દેવી તે દરેક યુવાનોનું કર્તવ્યછે.

અપૂર્ણ.

**નેમચંદ ગીરધરલાલ.** ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારી સભાની વર્ષ ગાંઠનો મહોચ્છવ.

સંવત ૧૯૩૭ ના શ્રાવણ સુદિ ૩ જે અમારી સભાનુ સ્થાપન થયેલું હોવાથી દરવર્ષ તે તારીખે ભાવનગર નજીક આવેલા વરતેજ મુકામે જઈ સારી રીતે જિનભક્તિ કરવામાં આવે છે અને સ્વામીવચ્છળ તરિકે પ્રીતિ ભોજન કરવામાં આવે છે. તેજ પ્રમાણે આ વર્ષમાં પણ કરવામાં આવેલ છે. સુમારે ૧૦૦ માણસોએ જિન ભક્તિનો તેમજ પ્રીતિ ભોજનનો લાભ લીધો છે. પરમ આનંદ થયો છે. તે પ્રસંગે નીચે જણાયેલ ગૃહસ્થો આ સભાની અત્યાર સુધીની કારકીર્દીથી રંજીત થઇને સભાસદ ત...કે દાખલ થયા છે.

| | | |
|---|---|---|
| ...શા. ગોરધનદાસ હરખચંદ | ભાવનગર. | પેલો વર્ગ |
| શા. નરોતમ ગોરધન. | ” | ” |
| ...સંઘવી પોપટલાલ નેમચંદ | ” | ” |
| ...ા. પુરૂષોત્તમ ગીગાભાઇ | ” | ” |
| જીવરાજ ઓધવજી. બી. એ. | ” | બીજો વર્ગ |
| . ત્રીભુવનદાસ ઓધવજી. બી. એ. | ” | ” |
| ...ા. લલુભાઈ મોતીચંદ | ” | ” |
| શા. ચાલચંદ લક્ષ્મીચંદ | ” | ” |

સુધામ... ...બાદ બીજા પણ બે મેમ્બરોની વૃદ્ધિ થઇ છે.

| | | |
|---|---|---|
| ધણું . મોતીચંદ ગીરધરલાલ. બી. એ. | ભાવનગર. | પેલો વર્ગ. |
| પેક્ષા ... નરોતમદાસ ભાણજી | ” | ” |

## એક કારકુન જોઇએ છીએ.

અમારી તરફથી પ્રથમ છપાયેલી તમામ બુકો બળી જવાથી તે દરેક જાતની બુકો ફરીને છપાવવાની છે તેના પ્રુફ તપાસવા માટે તેમજ ઓફીસને લગતું કેટલુંક કામકાજ કરાવવા માટે એક કલાર્ક રાખવાની જરૂર છે. તેને સાધારણ સંસ્કૃત જ્ઞાન અને ઉંચી પ્રતિનું ગુજરાતી ભાષાનું જ્ઞાન હોવું જોઇએ. ગુજરાતી ભાષામાં સાધારણ વિષય લખવા જેટલી શક્તિ હોવી જોઇએ પરંતુ શુદ્ધાશુદ્ધ તરફ પૂરતું લક્ષ હોવું જોઇએ. નામા સંબંધી જ્ઞાન હશે તો વધારે અનુકુળ પડશે. પગાર તેની શક્તિના પ્રમાણમાં માસિક રૂ૨૫) સુધી આપવામાં આવશે. જૈન હોવો જોઇએ એવો નિર્ધાર સમજવો નહીં. અરજી ને સર્ટીફીકેટો નીચેને શિરનામે મોકલવા.

અમરચંદ ઘેલાભાઇ મંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## જાહેર ખબર.

(આંખના દરદીઓ માટે અમુલ્ય તક.)

(મુનિરાજ તથા સાધ્વી માટે મફત)

ચક્ષુરૂપી રત્નને જાળવવું એજ દુનીયામાં મોટી દોલત છે. શરીરે સુખી તેજ ખરો સુખી કહેવાય છે, ને શરીરનો આધાર ચક્ષુ ઉપર છે. તેથી આગળ ઉપર ચશ્માની જરૂર ન પડે હમેશાં આંખ સાફ રહે અને તેજી વધે તેને માટે "શુદ્ધ સાચા મોતીનો સુરમો" કાળો, સફેત, અથવા લાલ ત્રણે રંગનો પણ એક સરખા ગુણવાળો અમે બનાવેલો છે તે જોઇએ તેણે મંગાવવો. તેની કિંમત નંબર ૧ લાના તોલા ૧ ના રૂ. ૪) અને નંબર બીજાના તોલા ૧ ના રૂ. ૨) પોસ્ટ ખર્ચ જુદું પરદેશવાળાને વેલ્યુપેબલથી મોકલશું. આ દવાથી ઘણા ફાયદા થાય છે. ઘણા માણસોને ફાયદા થયેલા છે તેના સર્ટીફીકેટો અમારી પાસે મોજુદ છે.

ત્રણે જાતનો સુરમો બનાવનાર તથા વેચનાર

**શેઠ ત્રીભોવનદાસ હઠીશંગ.**

જામનગર—કાઠીયાવાડ.


---

## છપાઇને બહાર પડેલ છે.

## શ્રી તત્વ નિર્ણય પ્રાસાદ ગ્રંથ.

શ્રીમન્ મુનિમહારાજ શ્રી આત્મારામજી કૃત )

અમારી ઓફીસમાંથી મળશે. કિંમત રૂ.૪) પોસ્ટેજ જુદું.

અનેક અપૂર્વ હકીકતોથી ભરપૂર છે.

( વિશેષ વર્ણન હવે પછી લખશું. )

---

## લવાજમની પહોચ.

| | |
|---|---|
| ૧—૪ મેતા વલભદાસ નેણુસી. | ૨—૯ શા ઝવેરચંદ વીરચંદ |
| ૧—૬ શેઠ ઝવેરચંદ વધાજી. | ૨-૧૦ શંઘવી કમળશી ફુલચંદ |
| ૧—૦ દોશી પ્રગા હરી | ૨-૧૦ શા નાથાભાઇ લવજી |
| ૧—૪ શા ઉજમશી તારાચંદ | ૧—૪ શા વીરચંદ ધારશી |
| ૧—૬ મેતા જીવા માણેકચંદ | ૧—૬ દોશી મગનમલ કકલ |
| ૦-૧૧ શા કેશવલાલ પાનાચંદ | ૧—૪ શા ન્યાલચંદ માધવજી |
| ૧—૬ રા. રા. બાલાભાઇ ગુલાબચંદ | ૨—૬ શા પ્રેમચંદ હીરાચંદ |
| ૧—૪ શા કરમશી ખેતશી. | ૨—૯ શા ડાહ્યાભાઇ હરગોવિંનદાસ |

For Private And Personal Use Only